દિવ્ય ભાસ્કર, તા. ૦૨-૦૭-૨૦૨૩, પાના નં- II

### ડ્રીમ સિટીથી સરથાણા, સારોલીથી ભેંસાણ રૂટ માટે તૈયારી

# મેટ્રો ટ્રેનના 72 કોચ ખરીદવા માટે 857 કરોડના ઓર્ડર અપાયા

## 2024 સુધીમાં 3-3 કોચની ટ્રેનના 24 સેટ સુરત આવી જશે

ભાસ્કર ન્યૂઝ | સુરત

મેટ્રો ટ્રેનના 24 સેટની ખરીદી માટેના ટેન્ડરને મંજૂરી આપી દેવાઇ છે. GMRCએ પુણે મેટ્રો માટે કોચ સપ્લાય કરનાર ટીટાગઢ મેટ્રો રેલ સિસ્ટમ (TRSL)ને 857 કરોડના અંદાજ સાથે ઓર્ડર સોંપી દીધો છે. 2024ના અંત સુધીમાં ત્રણ-ત્રણ કોચ સાથેના 24 સેટ માટે કુલ 72 કોચ સુરત આવી જશે. આ કોચ મેટ્રો લાઇન-1 ડ્રીમ સિટીથી સરથાણા અને લાઇન-2 સારોલીથી ભેંસાણ રૂટ પર મૂકાશે. GMRCએ કહ્યું કે, ત્રણ કોચવાળી ટ્રેનમાં 250થી વધુ લોકો મુસાફરી કરી શકશે. સરથાણાથી ડ્રીમ સિટી અને સારોલીથી ભેંસાણ રૂટ પર કુલ 37 સ્ટેશન હશે. મોટાભાગના સ્ટેશનનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે ત્યારે TRSL દ્વારા રજૂ કરાયેલા પત્રમાં જણાવ્યા મુજબ કોચની ડિલિવરી મંજૂર કરાયેલા કોન્ટ્રાક્ટ કરારના 76 સપ્તાહ બાદથી શરૂ કરાશે. એટલે આવતા વર્ષના અંત સુધી મેટ્રો ટ્રેન સેટની ડિલિવરી શરૂ થઇ જવાની સંભાવના છે. મેટ્રો ટ્રેનની ડિઝાઇન કેવી હશે તે અંગે હજુ સુધી GMRCLએ કોઇ ફોડ પાડ્યો નથી. આ ટ્રેન ત્રણ-ત્રણ કોચવાળી હશે, જેમાં બેઠકની સાથે ઊભા રહીને મુસાફરી કરવા માટેના સ્પેસની પણ વ્યવસ્થા હશે. સૂત્રોએ કહ્યું કે, ઓર્ડર મુજબ પ્રાપ્ત થનારા કોચ તબક્કાવાર આભવા સ્થિત ડેપોમાં એકત્રિત કરાશે પછી જરૂર પ્રમાણે રૂટ પર મોકલાશે.